શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેક્ટ ઓફીસ, સમગ્ર શિક્ષા
સેક્ટર-૧૭, ગાંધીનગર
ફોન નં: ૦૭૯-૨૩૨૪૩૧૩૩
E-mail : qecell@gmail.com
Toll Free No.1800-233-7965

ક્રમાંક: એસએસએ/ક્યુ.ઈ.સેલ/૧/૨૦૨૦/ ૯૪૪૫-૪૫૮                    તા: ૩૧/૦૭/૨૦૨૦

પ્રતિશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી
જિલ્લા : તમામ

**વિષય: ધોરણ: ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે પુરક સાહિત્ય (એક્ઝામ્પલર) આપવા બાબત**

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે હાલની કોરોના મહામારીના કારણે શાળાઓમાં વિદ્યાર્થીઓને બોલાવી શૈક્ષણિક કાર્ય શરૂ કરી શકાય તેમ નથી. આથી વિદ્યાર્થીઓને હોમ લર્નિંગ કાર્યક્રમ અંતર્ગત વિવિધ માધ્યમો દ્વારા ઘરે બેઠા શિક્ષણ આપવામાં આવી રહ્યું છે.

હાલની સ્થિતિમાં વિદ્યાર્થીને પાઠ્યપુસ્તક સાથે પુરક સાહિત્ય આપવામાં આવે તો વિદ્યાર્થીઓ ઘરે રહીને વધુ મહાવરો અને અભ્યાસ કરી શકે. આ હેતુથી ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર દ્વારા તૈયાર કરવામાં આવેલ ધો-૯ અને ૧૦ ના ગણિત-વિજ્ઞાન વિષય તથા ધો-૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં રસાયણ વિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાન, જીવ વિજ્ઞાન, ગણિત વિષયના પુરક સાહિત્ય (એક્ઝામ્પલર)ની સોફ્ટકોપી PDF સ્વરૂપે જે તે માસના પાઠ્યક્રમ મુજબ દર મહિના પ્રથમ શનિવારે અત્રેની કચેરી દ્વારા મોકલવામાં આવે છે. જે અનુસંધાને ઓગસ્ટ માસના પુરક સાહિત્ય (એક્ઝામ્પલર)ની સોફ્ટકોપી (PDF) આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે.

આ પુરક સાહિત્યની સોફ્ટકોપી (PDF) EI/SVS/QDC/BRC/CRC અને શિક્ષકશ્રીઓ મારફત ધો: ૯ અને ૧૦ તથા ધો:૧૧ અને ૧૨ (વિજ્ઞાન પ્રવાહ) ના વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવા વિનંતી છે. આ સાહિત્યના ઉપયોગ અંગે વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન મળી રહે તે માટે જરૂરી આયોજન કરવા વિનંતી છે.

સચિવ
સ્ટેટ પ્રોજેક્ટ ઓફીસ
સમગ્ર શિક્ષા, ગાંધીનગર

બિડાણ: ઉપર જણાવેલ પુરક સાહિત્યની સોફ્ટકોપી (PDF)

**નકલ સવિનય રવાના:**

- માન. એસ.પી.ડી.શ્રી, સદર કચેરી
- માન. એ.એસ.પી.ડી.શ્રી, સદર કચેરી

D:\QE CELL\1.Letters\SEC SIR.Docx

Scanned by CamScanner

ક્રમાંક/[illegible]/જા.નં./ ૮૧-૮૫
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
વડોદરા. તા.04/05/2020

૨/ ભાગ નિમજ જરૂરી કાર્યવાહી
થાય.

પ્રતિ,

આચાર્યશ્રી,

માધ્યમિક/ઉચ્ચ માધ્યમિક શાળાઓ તમામ,
જિ- વડોદરા

[signature]

તા જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા.

નોંધ: ધો-૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ
માટે પુરક સાહિત્ય (હોમલર્નિંગ
ની PDF આ પત્રની ના ક્રમે
સંલગ્ન મુકવામાં આવે છે જે
ભેગા નોંધ લેવી.)

Scanned by CamScanner

# સ્ટેટ ટીચર્સ ટ્રેનીંગ ઇન્સ્ટીટ્યુટ

## (જી.સી.ઇ.આર.ટી., ગાંધીનગર)

"વિદ્યાભવન", ઉમિયા માતાજી મંદિર પાસે, ઉદ્યોગ ભવન સામે, સેક્ટર-૧૨,
ગાંધીનગર-૩૮૨૦૧૬ (ગુજરાત)
ફોન નં.- ૦૭૯-૨૩૨૪૬૫૧૧, *E-mail:-* stti.gujarat@gmail.com

જાવક નં.- STTI/ઓનલાઈનતાલીમ/૨૨૦/૨૦૨૫ તારીખ :- 31/07/2020

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
તમામ જિલ્લા(ગુ.રા.)

**વિષય :–** રાજયના માધ્યમિક વિભાગના ગુજરાતી, ગણિત, સામાજીક વિજ્ઞાન તેમજ વિજ્ઞાન વિષયની બાયસેગના માધ્યમ દ્વારા ઓનલાઈન તાલીમ યોજવા બાબત.

શ્રીમાન,

સવિનય ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર દ્વારા રાજયના માધ્યમિક વિભાગના સરકારી તેમજ અનુદાનિત તેમજ બિન અનુદાનિત (સેલ્ફ ફાયનાન્સ) શાળાઓના ઉપરોક્ત વિષયના વિષય શિક્ષકોની બાયસેગ (વંદે ગુજરાત ચેનલ નંબર – ૧) ના માધ્યમથી ઓનલાઈન તાલીમનું આયોજન પત્રકમાં દર્શાવેલ તારીખ તેમજ સમય મુજબ કરવામાં આવનાર છે.

| ક્રમ | વિષય | તાલીમની તારીખ અને સમય | તાલીમનો સમય | પશ્નો અને મૂંઝવણ મોકલવાની તારીખ |
|---|---|---|---|---|
| ૧ | ગુજરાતી | ૦૭/૦૮/૨૦૨૦ | 9:30 a.m to 12.00 | ૦૬/૦૮/૨૦૨૦ |
| ૨ | ગણિત | ૧૪/૦૮/૨૦૨૦ | 9:30 am to 12.00 | ૧૩/૦૮/૨૦૨૦ |
| ૩ | સામાજીક વિજ્ઞાન | ૧૮/૦૮/૨૦૨૦ | 9.30 am to 12.00 | ૧૭/૦૮/૨૦૨૦ |
| ૪ | વિજ્ઞાન | ૨૧/૦૮/૨૦૨૦ | 9.30 am to 12.00 | ૨૦/૦૮/૨૦૨૦ |

અત્રે ઉલ્લેખનીય છે કે ઉપરોક્ત વિષયોને સંલગ્ન સાહિત્ય આપશ્રીની કચેરી ને ઈ.મેઈલ ધ્વારા અગાઉથી મોકલી આપવામાં આવશે. જે સાહિત્ય સબંધિત વિષયના શિક્ષક સુધી SVS ના માધ્યમથી પહોંચાડવાનું રહેશે. સદર સાહિત્યનો સબંધિત વિષય શિક્ષકો ધ્વારા અભ્યાસ કર્યા બાદ ઉદભવતા પ્રશ્નો તેમજ મૂંઝવણ એસ.ટી.ટી.આઈ. સંસ્થાના E-Mail ID : stti.gujarat@gmail.com તેમજ જીસીઈઆરટીના E-Mail ID gcert12@gmail.com પર સબંધિત વિષયની તાલીમના એક દિવસ પૂર્વે સાંજે ૫:૦૦ કલાક સુધીમાં મોકલી આપવાના રહેશે. સદર તાલીમનું પસારણ Jio TV Mobile એપ મારફતે મોબાઈલ પર પણ જોઈ શકાશે.

પ્રિન્સિપાલ
સ્ટેટ ટીચર્સ ટ્રેનીંગ ઇન્સ્ટીટ્યુટ,
ગાંધીનગર

Scanned by CamScanner